પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરના પત્ર ક્રમાંક/૨૯/ખપશ/૬/છ/૯૯/માન્યતા/૯૪૬૬-૯૪૯૦
તા.૦૩-૦૫-૯૯ મુજબ મળેલી સત્તાની રૂએ

**નવી શાળા**

ક્રમાંક/જિપ્રાશિસ/પ્રાથમિક/માન્યતા/૨૦૦૭/વશી./ન૪૧/૨૩૧૨
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ,
ભદ્ર, અમદાવાદ. તા.૨૫- ૪ - ૨૦૦૭

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ, ચાંદલોડીયા રેલ્વે ફાટક પાસે, અમદાવાદ.

વિષય :- ૨૦૦૭-૦૮ ના શૈક્ષણિક વર્ષથી નવી શાળા શરૂ કરવાની મંજૂરી અંગે.

સંદર્ભ :-
(૧) શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ, ચાંદલોડીયા રેલ્વે ફાટક પાસે, અમદાવાદ દ્વારા ગ્લોબલ મિશન પ્રાયમરી સ્કુલ, કે.કે.નગર ચાર રસ્તા, વારાહી પાર્ટી પ્લોટની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧. નામથી ૨૦૦૭-૨૦૦૮ શૈક્ષણિક વર્ષથી નવી ખાનગી પ્રા. શાળા વર્ગોની મંજૂરી માટેની અરજી તા. ૨૮-૧૧-૨૦૦૬
(૨) આ કચેરીના કે.નિ. શ્રી એમ.એસ. વણકર કેનિ. રાણીપ બીટની અરજીની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો તા. ૧૮-૦૪-૨૦૦૭

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભમા ક્રમ (૧) માં નિર્દશ કરેલ અરજી અન્વયે ક્રમ (૨) માં નિર્દશ કરેલ અધિકૃત અધિકારીની ઉક્ત અરજીની ચકાસણી અંગેની વિશેષ નોધોં અને ભલામણો ઉપર વિચારણા કરીને સંદર્ભમાં ક્રમ (૧) માં નિર્દેશ કરેલ ટ્રસ્ટની શાળાને અંગ્રેજી માધ્યમનો ધોરણ ૧ થી ૭ નો પ્રથમ એક એક વર્ગમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે / શરૂ કરવા માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ , ૧૯૪૭ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ અનુદાન નહીં મેળવવાની શરતે આ સાથે જોડેલ અનુસુચિ - ૧ ની શરતોની પાલન કરવાની શરતે, જુન-૨૦૦૭ માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજુર કરવામાં / મંજૂરી આપવામાં આવે છે. શાળાએ તથા શાળા મંડળે !! શિડયુલ એફ !! ની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. તથા શિક્ષકોને સરકારી ધારા ધોરણ મુજબ પગાર ભથ્થા ચુકવવાના રહેશે.
નવી શાળાના કિસ્સામાં આપવામાં આવેલ મંજુરી પ્રમાણપત્રોનો નંબર :-
નં. ન૪૧/૨૩૧૨

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

નકલ સવિનય રવાના :-
મે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.

## (૨) અનુસુચિ - ૧

મંજુર કરેલી ખાનગી પ્રાથમિક શાળાએ નીચેની શરતોનું ચુસ્તતાપૂર્વક શરતોનું પાલન કરવાનું રહેશે. આ શરતો પૈકી કોઈપણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જતી શાળાની મંજુરી કોઈપણ સમયે પાછી ખેંચી લઈ શકાશે.

(૧) મુંબઈ પ્રાથમિક શિક્ષણ સમિતિ નિયમો ૧૯૪૭ના સુધારેલા નિયમ - ૧૦૬ (ક) ના પેટાનિયમ (૪) અને (૭) ને આધીન રહીને આ મંજુરી આપવામાં આવે છે.

(૨) શાળાના કામકાજનું નિયમન શિક્ષણ સમિતિ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા હુકમો અનુદેશો મુજબ કરવાનું રહેશે.

(૩) અધ્યાપકિય સ્ટાફનાં પગાર ધોરણ, ભથ્થા દરો સરકારના વખતો વખત મંજૂર કરે તે રાખવાનાં અને ચુકવવાના રહેશે.

(૪) ગુ.સ.શિ. ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૮૯૯/૪૫૪/ચ/તા.૦૪-૦૫-૯૯ ની જોગવાઈ અનુસાર શાળાએ ફી નિર્ધારણ સમિતિ રચવાની રહેશે. અને અન્ય જોગવાઈ મુજબ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી ના દર જિલ્લા શિક્ષણાધિકારી પાસે મંજૂર કરવાના રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીએ મંજુર કરેલ દરે જ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલ કરવાની અને જરૂરી પહોચ પાવતી આપવાની રહેશે. મંજુર કર્યા સિવાય વાલીઓ પાસેથી અનધિકૃત રીતે નાણાંની ઉઘરાણી કરવા સબબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૫) શાળા વિદ્યાર્થીઓ પાસેથી ફી, સત્ર ફી અને માસીક શિક્ષણ ફી સિવાયની ક્રમ (૪) મુજબ કોઈપણ પ્રકારની ફી વસુલ કરી શકશે નહીં.

(૬) શાળા નફાના હેતુથી ચલાવવામાં આવશે નહીં, શાળાકીય ઓડિટ હિસાબોનું પત્રક શાળાના શૈક્ષણિક નિરીક્ષક નિરીક્ષણ કરી શકશે.

(૭) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળના વિદ્યાર્થીઓના માતા કે પિતા અથવા વાલીઓને પોતાની શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સારૂ ટ્રસ્ટ કે મંડળને દાન અથવા લોન આપવા માટે ફરજ પાડી શકાશે નહીં.

(૮) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળે અનુસુચિત બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે. અને સ્ટાફના પુરા પગારની ચુકવણી આવા ખાતાઓમાંથી ચેક પધ્ધતિ દ્વારા કરવાની રહેશે.

(૯) શાળા સરકારે મંજૂર કરેલા અભ્યાસક્રમ અને વિષય સુચિ અનુસરવાના રહેશે સરકારે વખતોવખત મંજુર કરેલા પાઠ્યપુસ્તકો સિવાયના સાહિત્યનો ઉપયોગ અભ્યાસક્રમના માધ્યમ તરીકે કરી શકાશે નહીં.

(૧૦) શાળા ચલાવતા ટ્રસ્ટ કે મંડળના વ્યવસ્થાતંત્રની ફેરબદલી કરી શકાશે નહીં. પૂર્વ પરવાનગી વિના કરેલ ફેરફાર બિનઅધિકૃત તરીકે સ્વીકારી અપાયેલી મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૧) શાળા શરૂ કરવા જે મકાનમાં અને સ્થળે મંજૂરી આપવામાં આવી હોય તે મકાન - સ્થળમાં પૂર્વ પરવાનગી વિના કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં. આવા કરાયેલા ફેરફારનાં કારણે અપાયેલ મંજૂરી રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) જે શૈક્ષણિક વર્ષમાં શાળાને / વર્ગને મંજૂરી આપવામાં આવી હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મળ્યાની પછીના છ માસ સુધીમાં શાળા શરૂ કરવામાં નહીં આવે તો અપાયેલ મંજૂરી રદ થશે.

(૧૩) મંજૂર કરેલી શાળાના મકાનમાં અમાન્ય વર્ગ / ધોરણોનું સંચાલન કરી શકાશે નહીં.

(૧૪) શાળાના અધ્યાપકિય સ્ટાફ શાળાના કદને ધ્યાનમાં લેતા પૂરતાં અને તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઈએ. સરકારે વખતો વખત ઠરાયેલા લાયકાતો ધરાવતા તાલીમી શિક્ષકોની જ નિમણુંક કરવાની રહેશે. શિક્ષકોની ભરતી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ સાથેની અનુસુચિત !! છ !! જોગવાઈઓ આધીન રહેશે.

(૧૫) શાળામાં વર્ગદીઠ વિદ્યાર્થીઓને પ્રવેશની સંખ્યા મુંબઈ પ્રાથમિક શિક્ષણનાં નિયમો ૧૯૪૯ના સુધારેલા નિયમ - ૧૦૬ (ક) (૭) (૩) પ્રમાણે રાખવાની રહેશે.

(૧૬) શાળાકીય વર્ગદીઠ માટે, શાળાકીય નિરીક્ષણ માટે જ્યારે જિલ્લા / નગર સમિતિ / જિલ્લા શિક્ષણાધિકારી કે અન્ય અધિકૃત પ્રતિનિધિ માહિતી વિગત માગે તે વિનાવિલંબે અધિકૃત માહિતી પૂરી પાડવાની રહેશે.

(૧૭) જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષાઓ માટે જાહેર હિતાર્થે, શાળા સંચાલકે ફાજલ કરી, ઉપયોગ માટે આપવાનું રહેશે.

(૧૮) શાળાના માન્યતાના સંદર્ભમાં મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની જોગવાઈ અનુસાર માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજૂર કરતું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.

(૧૯) શિક્ષકોની નવી નિમણુંક કરતી વખતે અન્ય ખાનગી પ્રાથમિક શાળા બંધ થવાના કારણે શાળાના ધોરણ / વર્ગ ઘટાડાના કારણે ફાજલ પડેલા તાલીમી શિક્ષકોને અગ્રિમતાના ધોરણે નિમણુંક આપવાની રહેશે.

(૨૦) ખાનગી પ્રાથમિક શાળા ચલાવતું ટ્રસ્ટ / મંડળ પોતાની શાળા અન્ય ટ્રસ્ટ મંડળને વેચી શકાશે નહીં.

(૨૧) આ અગાઉ તમારી અરજીની માન્યતા ન કરવામાં આવી હોય અને સરકારશ્રીમાં મંડળ - ટ્રસ્ટ દ્વારા અપીલ નોંધવામાં આવી હોય, તો તેના હકારાત્મક નિર્ણય સામે આ પત્રથી આપેલ મંજૂરી સરભર કરવાની રહેશે.

(૨૨) સંસ્થા આ કચેરીના ઉક્ત નિર્ણય સામે અપીલ કરવા ઈચ્છે તો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૪૦ ક (૮) ની જોગવાઈ મુજબ નિર્ણય જાણ કર્યા તારીખથી એક માસમાં રૂા.૫/- ની કોર્ટ ફી અપીલ સ્ટેમ્પ અપીલ લગાવીને સચિવશ્રી શિ.વિ. સચિવાલય, બ્લોક નં. ૫, સાતમો માળ, ગાંધીનગરને રજૂ કરી શકાશે. પરંતુ અપીલ દાખલ કરવાથી શાળા શરૂ કરી શકાશે નહીં.

નમુનો કકક

**જુઓ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ નો નિયમ-૧૦૭ (૫) ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી માટે પ્રમાણપત્રનો નમુનો.**

(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરનાં પત્રક્રમાંક : ૨૯/ખપશ/૬/છ/૯૯/

માન્યતા/૯૪૬૬-૯૪૯૦/તા.૦૩-૦૫-૯૯ મુજબ મળેલ સત્તાની રૂએ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ.

## મંજૂરી પ્રમાણપત્ર

પ્રમાણિત કરવામાં આવે છે કે ગ્લોબલ મિશન પ્રાયમરી સ્કુલ, કે.કે.નગર ચાર રસ્તા, વારાહી પાર્ટી પ્લોટની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧. **(શાળાનું નામ અને સ્થળ)** ને નીચે દર્શાવેલ શિક્ષણનાં માધ્યમાં અને ધોરણોમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ હેઠળ માન્યતા ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજૂર કરવામાં આવે છે.

| અનુ. ક્રમાંક | શિક્ષણનું માધ્યમ | ધોરણો અને ડિવીઝનો |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ધોરણ ૧ થી ૭ નો પ્રથમ એક એક વર્ગ |

નંબર : જિપ્રાશિસ/પ્રાથમિક/માન્યતા/૨૦૦૭/વશી/નવી/૬૩/૨

તા. ૨૬-૦૪-૨૦૦૭

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ,
અમદાવાદ.